# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 14-07-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ વલસાડ, નવસારી સહિતના દક્ષિણ ગુજરાતના જીલ્લાઓમાં અતિભારે વરસાદનું હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું.
- ✓ ગઇકાલે દિવસ દરમિયાન રાજયમાં 74 તાલુકાઓમાં વરસાદ વરસ્યો.. સૌથી વધુ ગણદેવીમાં વરસાદ વરસતા નીચાણ વાળા વિસ્તારોમાં જળબંબાકાર.
- ✓ સુરતની લાજપોર જેલમાં રાજ્યમાં પ્રથમ વખત સ્માર્ટ સ્કૂલનો આરંભ કરાયો.
- ✓ ચાંદીપુરમ વાઇરસના નિયંત્રણ માટે અસરગ્રસ્ત જીલ્લાઓમાં તકેદારીના પગલાં ભરાયા.
- ✓ ગુજરાત વ્યાપારી મહામંડળના નવ નિયુક્ત હોદ્દેદારોનો પદગ્રહણ સમારંભ ગઇકાલે યોજાયો.

## WEATHER

રાજ્યમાં ચોમાસુ જામ્યું છે ત્યારે હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાત માટે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે..

દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી , દાદરાનગર હવેલી માં અતિભારે વરસાદની હવામાન વિભાગે ચેતવણી આપી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના તાપી, નર્મદા , સુરત  અને ભરૂચ જીલ્લાઓમાં આજના દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી , ગીર સોમનાથમાં પણ ઓરેન્જ એલર્ટ

જાહેર કરાયું છે.. સાથો સાથો ઉત્તર ગુજરાતમાં અને સૌરાષ્ટ્રના રાજકોટ, બોટાદ સહિતના જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

.................

## STATE RAIN

સમગ્ર રાજ્યમા વરસાદી માહોલ જામી ચૂક્યો છે.ત્યારે ગાંધીનગરમાંથી જાહેર થયેલા ગઇકાલ રાતના આઠ વાગ્યા સુધીની વરસાદના આંકડા અનુસાર રાજ્યમાં 74 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો..જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં વરસાદ ખાબક્યો છે.

નવસારીના ગણદેવીમાં રાત્રીના આઠ વાગ્ય સુધીમાં 156 મીલીમીટર એટલે કે લગભગ સવા છ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડમાં 148 મીલીમીટર એટલે કે લગભગ છે ઇંચ વરસાદ ખાબક્યો હતો.

.................

## ભરૂચ

અમારા ભરૂચ જિલ્લાના પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે કે, જિલ્લામાં 24 કલાકમાં જંબુસર અને વાલિયામાં એક-એક ઇંચ વરસાદ નોંધાયો હતો.

(બાઇટ - વાહિદ મશહદી, પ્રતિનિધિ ભરૂચ)

.................

## LAJPOR JAIL

સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે કેદીઓ માટે ૧૮ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત મહાત્મા ગાંધી વિદ્યાલયના સ્માર્ટ કલાસ રૂમનું ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું  છે.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યની તમામ જેલોની સુરક્ષા કરતા જેલ પરિવારના સિપાઈ, હવાલદાર અને સુબેદાર જેવા કર્મચારીઓના ભથ્થામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. રાજ્યની દરેક જેલમાં કેદીઓને  પૌષ્ટિક અને સ્વાસ્થ્યપ્રદ આહાર મળી રહે એવી સુવિધા કરવામાં આવી છે અને તેમના માનવાધિકાર સચવાઈ રહે એના માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે.

સ્માર્ટ કલાસ વિશે તેમણે કહ્યું હતું કે, પહેલીવાર લાજપોર જેલમાં બંદિવાન ભાઇઓમાટે સુવિધાયુક્ત લર્નિંગ ઝોન બનાવવામાં આવ્યો છે, જેના થકી જેલમાં સજા ભોગવી રહેલા કેદીભાઇઓ પોતાનો અધૂરો અભ્યાસ પૂર્ણ કરી જેલમાંથી બહાર આવી શ્રેષ્ઠ જીવન જીવી શકશે. આ સ્માર્ટ ક્લાસ પ્રોજેક્ટ થકી અનેક બંદિવાન ભાઇઓના જીવનમાં શિક્ષણનો દીપક પ્રજ્વલિત થશે.

શ્રી સંઘવીએ  બંદિવાનો દ્વારા સંચાલિત હીરા મેન્યુફેક્ચરિંગ યુનિટની મુલાકાત લીધી હતી. અને કેદીઓ સાથે બેસી હીરાના કટોરા પર હાથ અજમાવી ડાયમંડ કટિંગ, પોલિશીંગ કરવાનો પ્રયાસ કર્યો હતો.

.................

## HOSPITAL SEAL

અમદાવાદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેષ પરમાર દ્વારા બોગસ ડોક્ટર પકડવાની કામગીરી યથાવત રાખવામાં આવી છે.

અમદાવાદ CDHO દ્વારા અનન્યા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ બાદ વધુ એક હોસ્પિટલને સીલ કરવામાં આવી છે અને બોગસ ડોક્ટર વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બોગસ ડોક્ટર મેહુલ ચાવડાની વધુ એક હોસ્પિટલ ઝડપાઈ છે. મોરૈયાની બોગસ  હોસ્પિટલને સીલ કરાઇ છે.. સાધનો લઈ ડોક્ટર સહિતના આરોપી ફરાર થઇ ગયા છે.. આ બોગસ ડોકટર દર્દીઓ પાસેથી સારવારના નામે લાખો રૂપિયા ખંખેરતો અને લોકોના જીવન સાથે રમત રમતો હતો.

.................

## AMC

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ગંદકી કરતા એકમો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત ઉત્તર પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજ મેન્ટ શાખા દ્વારા એકસો અગિયાર એકમો સામે તપાસ કરીને 91 એકમોને નોટિસ ફટકારીને 82 હજારથી વધુનો દંડ વસૂલ કરાયો હતો.

જ્યારે મહાનગર પાલિકાના ફૂડ શાખા દ્વારા ગત એક અઠવાડિયા દરમિયાન 447 એકમોની તપાસ કરીને 133 એકમોને નોટિસ ફટકારી હતી તેમજ બ લાખ 95 હજાર કરતા વધુનો દંડ વસૂલ કરાયો હતો.. આ અઠવાડિયા દરમિયાન ખાદ્ય પદાર્થોના 98 નમૂનાના પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## CHANDIPURMA CASES

ચાંદીપુરમ વાઇરસના શંકાસ્પદ સંક્રમણના કારણે સાબરકાંઠાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાર બાળકોના મોત થયા હોવાના અહેવાલ છે.

જ્યારે બે બાળકો સારવાર હેઠળ છે. તમામ શંકાસ્પદ છ કેસોના નમૂના તપાસ માટે પૂણેની એનઆઈવી લેબમાં મોકલાયા છે. દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને મહિસાગર જિલ્લામાંથી પણ ચાંદીપુરમના શંકાસ્પદ કેસ મળી આવતા આ વાયરસના નિયંત્રણ માટે ગાંધીનગરમાં ગઇકાલે આરોગ્ય વિભાગે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં સંબંધિત જિલ્લાઓમાં સર્વેલન્સ હાથ ધરવા આદેશ અપાયો છે.

આ ઉપરાંત જે બાળકો શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસના દર્દીઓ છે તેની યોગ્ય સારવાર આપવાની પણ સૂચના આરોગ્ય વિભાગે સંબધિત જીલ્લાઓને આપી છે.

આ અંગે જિલ્લાના મુખ્ય આપત્તિ આરોગ્ય અધિકારીએ વધુ માહિતી આપતાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ - ચીફ ડિઝાસ્ટર હેલ્થ ઓફિસર, સાબરકાંઠા)

.................

## GCCI

ગુજરાત વ્યાપારી મહામંડળની 74મી સામાન્ય સભા ગઇકાલે યોજાઇ હતી ..અમદાવાદ ખાતે યોજાયેલી આ સામાન્ય સભમાં નવા વરાયેલા હોદ્દેદારોનો પદગ્રહણ સમારંભ યોજાયો હતો.

જેમાં વિદાય લઇ રહેલા પ્રમુખ અજય પટેલે નવ નિયુક્ત પ્રમુખને પદભાર સોપ્યો હતો.. ગત વર્ષ દરમિયાન કરવામાં આવેલા કામોની વિગતો પૂર્વ પ્રમુખે આપી હતી.. ગુજરાતભરના ઉદ્યોગકારો આ સામાન્ય સભામાં ઉપસ્થિત રહ્યાં હતા.

.................

## Porbandar-Kheti

પોરબંદર પંથકમાં મેઘરાજાએ વાવણી લાયક વરસાદ વરસાવી દેતા પોરબંદર પંથકના ખેડૂતોએ વાવણીનું કાર્ય શરૂ કરી દીધું છે.

પોરબંદર જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતોએ પોતાના ખેતરોમાં રોકડિયા પાક મગફળી, સોયાબીન અને કપાસનું વાવેતર કરી દીધું છે. અમારા પોરબંદર જિલ્લાના પ્રતિનિધિ મહેશ લુકકા જણાવે છે કે પોરબંદર જીલ્લામાં અત્યાર સુધીમાં અંદાજિત ૮૨ હજાર પાંચસો હેક્ટરમાં વાવેતર થયું છે જેમાં સૌથી વધુ મગફળીનું લગભગ ૬૫ હજાર હેક્ટરમાં વાવેતર થયુ છે.

હજુ અંદાજે 20 હજાર હેક્ટરમાં વાવેતર બાકી હોવાના અહેવાલ છે.ઉલ્લેખનીય છે કે પોરબંદર જીલ્લામાં તેલીબીયા પાકમાં સૌથી વધારે મગફળીનુ વાવેતર થાય છે. ગત વર્ષે સારા વરસાદને કારણે મગફળીનું સારૂ ઉત્પાદન થયુ હતું. આ વખતે પણ સારૂ ઉત્પાદન થશે તેવી ખેડુતોને આશા છે.

.................

## PATAN DIET

પાટણમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે જિલ્લા કક્ષાની પોસ્ટર મેકિંગ સ્પર્ધા ગઇકાલે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામા આરોગ્ય શિક્ષણની 11 થીમ પર અલગ અલગ શાળાઓના 22 વિદ્યાર્થીઓએ પોસ્ટર બનાવ્યા હતા અલગ અલગ શાળાને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં ભાગ લેનાર વિજેતાઓને રોકડ પુરસ્કાર, સાહિત્ય કીટ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

.................

## ADDINATIONAL COACH

ભારતીય રેલવે એ મુસાફરોની સુવિધા માટે, લાંબા અંતરની 46 વિવિધ મહત્વપૂર્ણ ટ્રેનોમાં સામાન્ય વર્ગના કોચની સંખ્યા વધારી છે. આ ટ્રેનોમાં 92 નવા સામાન્ય વર્ગના કોચ લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત 22 વધુ ટ્રેનોની ઓળખ કરીને તેમાં વધારાના સામાન્ય વર્ગના કોચ ઉમેરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

નવા કોચ ઉમેરવાની વ્યવસ્થા જે ટ્રેનોમાં કરાઇ છે જેમાં ભાવનગર બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ,વેરાવળ બાંદ્રા ટર્મિનસ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ ભુજ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ,

ભુજ દાદર સયાજી નગરી સુપરફાસ્ટ એક્સપ્રેસ,

સહિતની અન્ય ટ્રેનોનો સમાવેશ થાય છે. આ તમામ ટ્રેનોમાં વધારાના કોચ જોડવાથી સામાન્ય જનતાની મુસાફરી આરામદાયક બનશે તેમ રેલવે તંત્ર દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદીમાં જણાવાયું હતું.

.................